ગુજરાત ગોપાલક વિકાસ બોર્ડને ગુજરાત ગોપાલક વિકાસ નિગમમાં ફેરવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: સશપ-૧૪૯૩-૧૫૩-૯૫-અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૦-૬-૨૦૦૦.

વંચાણે લીધો:- સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૩-૨-૯૦નો ઠરાવક્રમાંક: સશપ-૧૪૮૯-૧૬૬૨-અ.

**પ્રસ્તાવના**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં સમાવિષ્ટ જ્ઞાતિઓ પૈકી વારસાગત વ્યવસાય મુજબ પશુ ઉછેર, તેમની દેખભાળ, દૂધ વેચવાનો ધંધો જેવા પરંપરાગત વ્યવસાયને કારણે વર્ષોથી અવિકસીત રહેલ કેટલીક કોમોનો વિકાસ થઈ શકે અને અન્ય જાતિઓની હરોળમાં આવી શકે તે માટે રાજ્ય સરકારે આમુખમાં દર્શાવેલ તા.૧૩-૨-૯૦ના ઠરાવથી ગુજરાત ગોપાલક વિકાસ બોર્ડની રચના કરી હતી. આમ છતાં સરકારનો આ હેતુ સિધ્ધ કરવામાં વધુ સરળતા રહે અને રબારી, ભરવાડ જેવી કોમોના આર્થિક ઉત્કર્ષ માટે જરુર જણાયે વધુ નવી યોજનાઓ કાર્યાન્વિત કરી શકાય અને પશુ પાલન ઉપર નિભાવ કરતી આ કોમો જયારે પરિવર્તનની પ્રક્રિયામાંથી પસાર થઈ રહી છે ત્યારે તેમના સામાજિક ઉપરાંત શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટે પછાત વર્ગોના રાષ્ટ્રીય નિગમ પાસેથી સીધી સહાય મેળવી શકાય તે આશયથી હાલના ગુજરાત ગોપાલક વિકાસ બોર્ડને સ્વાયત્તા આપવાનું જરુરી જણાય છે.

**-ઠરાવ-**

આ હેતુસર વિચારણાને અંતે રાજ્ય સરકાર નીચે મુજબ હાલના ગુજરાત ગોપાલક વિકાસ બોર્ડને **"ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડ, ગાંધીનગર,"** નામે નિગમમાં ફેરવવાનું ઠરાવે છે.

(૧) રબારી, ભરવાડ કોમોના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટે રાજયમાં ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ., ગાંધીનગરના જરુરી મેમોરેન્ડમ્ ઓફ એસોસિએશન એન્ડ આર્ટીકલ્સ ઓફ એસોસિએશન તૈયાર કરી તેની વિધિવત નોંધણી ભારતીય કંપની અધિનિયમ-૧૯૫૬ હેઠળ કરવાની રહેશે અને નોંધણીની કાર્યવાહી પૂરી થયા બાદ આ અંગેની વિગતો નિયમાનુસાર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને પૂરી પાડવાની, ધારા ધોરણો

અનુસાર લઘુત્તમ ફંડ જાળવવાનું વગેરે આનુષાંગિક કાર્યવાહી કરવાની થશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનું આવું સર્ટીફીકેટ મેળવ્યા બાદ જ નાણાકીય ધીરાણ વગેરેની આનુષાંગિક કાર્યવાહી નિગમ કરી શકશે. નિગમનું વડું મથક ગાંધીનગર રહેશે.

(૨) નિગમના મેમોરેન્ડમ એન્ડ આર્ટીકલ્સ ઓફ એસોસિએશનમાં હાલના ગુજરાત ગોપાલક વિકાસ બોર્ડના ઉદ્દેશોનો મહદ્અંશે સમાવેશ કરી લેવાનો રહેશે.

(૩) આ નિગમની રચના થયેથી ગુજરાત ગોપાલક વિકાસ નિગમ સ્વતંત્ર રીતે કેન્દ્ર સરકારના સંબંધકર્તા રાષ્ટ્રીય નિગમ પાસેથી સીધું ધીરાણ મેળવીને આ કોમોના ઉત્કર્ષ માટેની વિવિધ યોજનાઓના અમલ અંગેની કાર્યવાહી કરશે.

(૪) ઉપર દર્શાવ્યા મુજબની વિવિધત નોંધણી તથા અન્ય આનુષાંગિક પ્રક્રિયા પૂર્ણ થાય અને નિગમ સ્વતંત્રપણે કાર્યરત થાય ત્યાં સુધીમાં ગોપાલક વિકાસ બોર્ડની હાલની કામગીરી ચાલુ રહેશે. નિગમને કાર્યરત કરવા કન્સલ્ટંટ તરીકે નિષ્ણાત પાર્ટ ટાઈમ કંપની સેક્રેટરી અને ચાર્ટર એકાઉન્ટન્ટ ની જરુરિયાત મુજબ નિમણૂક કરવાની થશે.

(૫) ગુજરાત ગોપાલક વિકાસ બોર્ડના હાલના મહેકમમાં તદ્નુરુપ આનુષાંગિક ફેરફારો સાથે નવેસરથી મહેકમની મંજૂરી મેળવવાની રહેશે.

૨. આ નિગમનું કાર્યવાહક મંડળ નીચે મુજબ ૧૫ સભ્યોનું થશે અને નિગમની નોંધણી વગેરે થયા બાદ, હાલના કાર્યવાહક મંડળમાં નીચે મુજબ ફેરફારો કરવાના થશે.

(અ) નિગમમાં ૮ **બિનસરકારી સભ્યોની** નિયુક્તિ નીચે મુજબ થશે.
- (૧) ચેરમેનશ્રી
- (૨) ડેપ્યુટી ચેરમેનશ્રી
- (૩) અન્ય ૬ બિનસરકારી સભ્યો

આ બિનસરકારી સભ્યોની નિમણૂક સરકાર કરશે અને તેમાં રબારી, ભરવાડ જાતિઓના સભ્યશ્રીઓને એક સરખું પ્રતિનિધિત્વ મળે તે જોવાનું રહેશે.

(બ) નિગમમાં **નીચે મુજબ ૭ સરકારી સભ્યો** ની સરકાર નિમણૂક કરશે:
- (૧) નાયબ સચિવ (વિ.જા.), સા.ન્યા.અધિ.વિ.
- (૨) નાણા સલાહકારશ્રી(સા.ન્યા.અધિ.વિ.)
- (૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું
- (૪) નિયામકશ્રી, પશુપાલન ખાતુ અથવા તેમના ધ્વારા નિયુક્ત કરાયેલ વર્ગ—૧ના અધિકારી
- (૫) કમિશનરશ્રી, કુટીર ઉદ્યોગ અથવા તેમના ધ્વારા નિયુક્ત કરાયેલ વર્ગ—૧ના અધિકારી

(૬) કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ અથવા તેમના ધ્વારા નિયુક્ત કરાયેલ વર્ગ–૧ના અધિકારી
(૭) મેનેજિંગ ડિરેક્ટર

૩. ગોપાલક વિકાસ બોર્ડ નિગમનું અધિકૃત શેર ભંડોળ રૂા.૧૦ કરોડનું રહેશે. આ અંગે ચાલુ અંદાજપત્રમાં જોગવાઈ થયેલ ન હોવાથી આ અંગે સરકાર અલગ રીતે અધિકૃત રકમ ફાળવવાની કાર્યવાહી કરશે.

૪. સચિવશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ બોર્ડે આ અંગેની જરુરી આનુષાંગિક કાર્યવાહી સત્વરે હાથ ધરી નિગમ સત્વરે કાર્યાન્વિત થાય તે જોવું.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.સી.રાઠોડ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો
સા.વ.વિ., કેબિનેટ શાખા (વધારાની ત્રણ નકલો સાથે)
નાણા વિભાગ, ગાંધીનગર.
કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, પશુપાલન ખાતુ, અમદાવાદ.
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર
સચિવશ્રી, ગોપાલક વિકાસ બોર્ડ, ગાંધીનગર
મેનેજિંગ ડિરેકટરશ્રી, ગુજ.પ.વ.વિ.નિ., ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર અમદાવાદ
નિવાસી ઓડિટ અધિકારી, ગાંધીનગર અમદાવાદ
તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ ગાંધીનગર
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.)
સીલેકટ ફાઈલ , અ.૧ શાખા.